પેટાચૂંટણીના પરિણામોથી ભાજપ પર દબાણ વધ્યું

નવી દિલ્હી,તા. ૧૭

વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપની હાર થયા બાદ પક્ષ પ્રમુખ અમિત શાહ પર દબાણ હવે વધી રહ્યું છે. આ પરિણામની નરેન્દ્ર મોદી સરકાર અથવા તો રાજસ્થાન અને ગુજરાત સરકાર પર કોઇ પ્રતિકુળ અસર થતી નથી પરંતુ પક્ષની દર દબાણની રાજનિતી શરૂ થઇ શકે છે. આનુ કારણ છે કે અમિત શાહને ઉત્તરપ્રદેશ લોકસભાની ચૂંટણીમાં ભાજપને જોરદાર સફળતા અપાવ્યા બાદ પક્ષ પ્રમુખ તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. આવી સ્થિતીમાં જો હવે મહારાષ્ટ્ર અને હરિયાણામાં પરિણામો સારા નહી મળે તો તેમના પર દબાણ વધી શકે છે. ભાજપના સુત્રોએ કહ્યું છે કે અમિત શાહને પાર્ટીની જવાબાદારી સોંપવામાં આવી ત્યારે એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ ચૂંટણી રણનિતીમાં ખુબ હોશિયાર છે. ચૂંટણી મેનેજમેન્ટમાં તેઓ કુશળ છે. પરંતુ હાલમાં યુપીમાં પેટાચૂંટણીમાં ભાજપની હાર થઇ છે. શાહ માટે સૌથી મોટી સમસ્યા એ છે કે પાર્ટી અધ્યક્ષ બન્યા બાદ સતત બીજી પેટાચૂંટણીમાં ભાજપની હાર થઇ છે. બિહારમાં પણ પક્ષને હારનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટીના સુત્રોએ કહ્યું છે કે પેટાચૂંટણીના પરિણામની માઠી અસર મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણી પર થઇ શકે છે. હજુ સુધી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીતને આધાર બનાવીને મહારાષ્ટ્રમાં વધારે સીટની માંગ કરવામાં આવી રહી હતી.

આવી સ્થિતીમાં હવે ભાજપની માંગ શિવ સેના સમક્ષ નબળી થઇ શકે છે. પાર્ટીના નેતાઓનુ કહેવુ છે કે હાલમાં તેમના પર દબાણ વધશે. તેઓ મોદીની સાથે મળીને નિર્ણય કરી રહ્યા છે. હરિયાણામાં પણ શાહે જ એચજેસી સાથે સંબંધ તોડી લીધા છે. જેથી હરિયાણા અને મહારાષ્ટ્રમાં પરિણામ પાર્ટીની તરફેણમાં નહી આવે તો શાહ અને મોદીથી નારાજ રહેલી બીજી ટીમ શાહને ટાર્ગેટ બનાવવાથી ચુકશે નહી. મહારાષ્ટ્ર અને હરિયાણામાં પાર્ટની જીત હવે જરૂરી બની છે.

મંદી પર બ્રેક : ફરી ૧૩૯ પોઇન્ટનો ઉછાળો નોંધાયો

મુંબઈ, તા. ૧૭

શેરબજારમાં આજે ફરી એકવાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. બેંચમાર્ક શેર ઇન્ડેક્સ બે દિવસની મંદી બાદ ફરી તેજીમાં રહ્યા હતા. ચીન દ્વારા નવેસરની નાણાંકીય પગલા લેવાની જાહેરાત કર્યા બાદ આ તેજી જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૧૩૯ પોઇન્ટ ઉછળીને ૨૬૬૩૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૩ પોઇન્ટ ઉછળીને ૭૯૭૫ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં સ્થિતિ ખુબ જ શાનદાર રહી હતી. તેમાં ૦.૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રીડ્થ પણ તેજીમાં રહી હતી. ૧૫૩૨ શેરમાં તેજી અને ૧૪૮૫ શેરમાં મંદી રહી હતી. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા ગઇકાલે ૮૨૮.૯૫ કરોડની કિંમતના શેર વેચી દેવામાં આવ્યા હતા. તાતા પાવરના શેરમાં આજે સુધારો જોવા મળ્યો હતો. તેના શેરમાં બે ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. તાતા સ્ટીલના શેરમાં પણ ફરી એકવાર બે ટકાનો સુધારો આજે જોવા મળ્યો હતો જ્યારે ટીસીએસના શેરમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં બે દિવસમાં મંદી હતી. ઇન્ડેક્સ હેવીવેઇટ ગણાતા તાતા મોટર્સમાં ૧.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જે શેરમાં આજે ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો તેમાં એનટીપીસી, ડો. રેડ્ડી લેબ, આરઆઈએલ, ભેલનો સમાવેશ થાય છે. આ તમામમાં ૦.૫થી ત્રણ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. પસંદગીના મેટલના શેરમાં વેચવાલીનું મોજુ રહ્યું હતું. સેસા સ્ટરલાઇટ અને કોલ ઇન્ડિયામાં ૦.૨થી ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. હેલ્થકેરના ક્ષેત્રમાં સીપલા અને સન ફાર્મામાં ૦.૫થી બે ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આ બંનેમાં હાલ ઉલ્લેખનીય સુધારો જોવા મળ્યો હતો. અન્ય જે શેરમાં તેજી રહી હતી તેમાં પણ કેટલાક ઉલ્લેખનીય શેર રહ્યા હતા. બીજી બાજુ કેટલાક શેર મંદીમાં રહ્યા હતા જેમાં ઓએનજીસી, એચયુએલ, એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. આ તમામમાં ૦.૪ ટકાથી એક ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ મોરચે આઈટી ઇન્ડેક્સમાં સૌથી વધુ એક ટકાનો ઉછાળો રહ્યો હતો. ટેક, પાવર, ઓટો ઇન્ડેક્સમાં સુધારો રહ્યો હતો. બીજી બાજુ બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. હેલ્થકેર, મેટલ, એફએમસીજી અને ઓઈલ એન્ડ ગેસ ઇન્ડેક્સમાં ૦.૨ ટકાનો સુધારો રહ્યો હતો. આઈટીના શેરમાં પણ ૧-૨.૫ ટકા વચ્ચેનો સુધારો જોવા મળ્યો હતો. ઇન્ફોસિસના શેરમાં બે ૨.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો.

હવે સંરક્ષણ મંત્રાલયમાંથી સમજુતીની ફાઇલ ગુમ થઇ

નવી દિલ્હી,તા. ૧૭

સંરક્ષણ મંત્રાલયમાંથી પરી`ક્વાર ઉપયોગી ફાઇલ ગુમ થઇ હોવાના અહેવાલ મળ્યા છે. ગુમ થયેલી ફાઇલ બ્રિટીશ હોક એડવાન્સ્ડ જેટ ટ્રેનરની ખરીદારી સાથે સંબંધિત હોવાના અહેવાલ મળ્યા છે. ટિકા ટિપ્પણીના ઘેરામાં આવેલા સંરક્ષણ મંત્રાલય દ્વારા હવે તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સુત્રોએ કહ્યું છે કે આના માટે જવાબદાર અધિકારી અને કર્મચારીને યોગ્ય સજા આપવામાં આવશે. ફાઇલ ગુમ થવાની સ્થિતિમાં એજેટી મળવામાં વિલંબ થઇ શકે છે. ભારતે પ્રથમ વખત માર્ચ ૨૦૧૪માં ડબલ સીટવાળા ૬૬ હોક એજેટીનો ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૦માં બીજા ૫૭ એજેટીનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. બન્ને પ્રોજેક્ટની કુલ રકમ ૧૬૦૦૦ કરોડ રૂપિયા છે. એડવાન્સ્ડ જેટ ટ્રેનર ભારતીય હવાઇ દળ અને નૌ સેના માટે ઉપયોગી છે. પાઇલોટને યુદ્ધ વિમાનની ઝીણવટભરી માહિતી આપવા માટે મંગાવાવામાં આવી રહ્યા છે. જે ફાઇલ ગુમ થઇ છે તે ભારતીય હવાઇ દળની લોકપ્રિય કિરણ એરોબેટિક્સ ટીમ માટે ૨૦ એજેટીની ખરીદારી સાથે સંબંધિત છે. યોગ્ય એરાક્રાફ્ટ નહી મળવાના કારણે આ ટીમે છેલ્લા ત્રણ વર્ષથી કોઇ ઉડાણ ભરી નથી.એજેટી ખરીદારીનો સમગ્ર પ્રોજેક્ટ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ સુધી પૂર્ણ થનાર છે. આના પર ૨૦૦૦૦ કરોડનો ખર્ચ થનાર છે. આ યોજના હેઠળ પ્રથમ વખત ૨૪ વિમાનોનો પુરવઠો સીધી રીતે બીએઇ સિસ્ટમ મારફ્તે કરવામાં આવી હતી. બાકીના ૧૧૯ વિમાનો લાયસન્સ સમજુતી હેઠળ ભારતમાં હિન્દસ્તાન એરોનોટિક્સ લિમીટેડમાં બનાવવામાં આવનાર છે.

અદાણીની સંપત્તિમાં ૧૫૨ ટકાનો થયેલો જંગી વધારો

મુંબઈ,તા. ૧૭

ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ હાલમાં શેરબજારમાં જોરદાર તેજીના કારણે હવે ભારતના ટોચના ૧૦ અબજોપતિની યાદીમાં સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી છે. જો કે ભારતના ટોચના અબજોપતિની યાદીમાં મુકેશ અંબાણી પ્રથમ સ્થાન પર રહ્યા છે. ચાઇના સ્થિત લગ્ઝરી પબ્લિસિંગ એન્ડ ઇવેન્ટસ ગ્રુપ હુરુન દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના વડા મુકેશ અંબાણીની સંપત્તિ ૧.૬૬ લાખ કરોડ રહી છે. જ્યારે સન ફાર્માના વડા દિલિપ સંઘવીએ બીજા સ્થાન માટેની સ્પર્ધામાં આર્સેલર મિત્તલને પાછળ છોડી દેવામાં સફળ રહ્યા છે. સંઘવીની સપત્તિ ૧.૨૯ લાખ કરોડની આસપાસ રહી છે. બીજી ાબાજુ મિત્તલની સંપત્તિમાં ચાર ટકાનો ઘટાડો થતા તેમની સંપત્તિ ૯૭૦૦૦ કરોડ રહી છે. આવી જ રીતે અદાણીની સંપત્તિમાં શેરબજારમાં જોરદાર તેજીના કારણે ૧૫૨ ટકા વધી ગઇ છે. જેથી તેમની સંપત્તિ ૪૪૦૦૦ કરોડ સુધી રહી છે. તેઓ યાદીમાં હવે દસમાં ક્રમાંકે રહ્યા છે. એક વર્ષ અગાઉ ભારતમા અબજોપતિની સંખ્યા ૫૯ હતી. જે વધીને હવે ૧૦૯ ઉપર

પહોંચી ગઇ છે. મુંબઈમાં અબજોપતિની સંખ્યા ૭૦ છે. જ્યારે દિલ્હીમાં આ સંખ્યા ૩૭ છે. બેંગલોરમાં સંખ્યા ૨૩ છે. સૌથી અમીર બિન નિવાસી ભારતીયોની વાત કરવામાં આવે તો મિત્તલ પ્રથમ ક્રમાંકે છે. તેમની સંપત્તિ ૯૭૦૦૦ કરોડ છે. જ્યારે હિન્દુજા બંદુઓ ૭૨૦૦૦ કરોડની સંપત્તિ સાથે બીજા સ્થાને છે. બોલ્વુડ સ્ટાર શાહરૂખ ખાનની સંપત્તિ ૧૪ ટકા વધીને ૨૯૦૦ કરોડ થઇ ગઇ છે. શેરબજારમાં તાજેતરના સમયમાં જોરદાર તેજી રહી છે જેનો સીધો ફાયદો અદાણીને થયો છે. અદાણીની સંપત્તિમાં ૧૫૨ ટકાનો ઉલ્લેખનીય ઉછાળો નોંધાયો છે. મુંબઈમાં અબજોપતિની સંખ્યા ભારતમાં સૌથી વધારે નોંધાઈ છે. એચસીએલના શિવનાદરની સંપત્તિમાં ૪૧ ટકાનો વધારો થયો છે જેથી તેની સંપત્તિ ૭૮૦૦૦ કરોડ સુધી પહોંચી છે. આવી જ રીતે એસપી હિંદુજા અને પરિવારની સંપત્તિમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. ટેલીકોમ સમ્રાટ સુનિલ ભારતી મિત્તલની સંપત્તિ ૫૨૦૦૦ કરોડ સુધી નોંધાઈ છે અને તેઓ ટોપ ૧૦ની યાદીમાં ૯માં સ્થાને છે. અનિલ અંબાણી ટોપ ટેનમાંથી આઉટ થઈ ગયા છે. તેમની સંપત્તિમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. જેથી તેમની સંપત્તિ ઘટીને ૪૩૦૦૦ કરોડ થઈ છે.

ભારતીય મનોરંજન ઉદ્યોગનું કદ ૨૨૭૨ અબજ સુધી જશે

નવી દિલ્હી,તા. ૧૭

ભારતમાં મનોરંજન અને મિડિયા ઉદ્યોગનુંકદ વર્ષ ૨૦૧૮ સુધી ૨૨૭૨ અબજ રૂપિયા સુધી પહોંચે તેવી શક્યતા દેખાઇ રહી છે. આજે જારી કરવામાં આવેલા પીડબલ્યુસી-સીઆઇઆઇ અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૩માં ભારતીય મનોરંજન અને મિડિયા ઉદ્યોગ દ્વારા રેવેન્યુરૂપે ૧૧૨૦ અબજ ઉભા કરવામાં આવ્યા હતા. જે દર્શાવે છે કે અગાઉના વર્ષની સરખામણીમાં તેમાં ૧૯ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. સૌથી મોટા વર્ગ ભારતના ટેલિવીઝન ઉદ્યોગમાં સ્થિતી વધારે મજબુત બની રહી છે. તેમાં રેવેન્યુનો આંકડો વર્ષ ૨૦૧૨માં ૩૬૬ અબજ રૂપિયા હતો જે વધીને વર્ષ ૨૦૧૩માં ૪૨૦ અબજ ડોલર થઇ ગયો છે. ડિઝીટીજેશનની પ્રક્રિયાના લીધે આ સ્થિતી સર્જાઇ છે. વાર્ષિક ગ્રોથ રેટના મામલે ઇન્ટનેટ અને ઇન્ટરનેટ એડમાં

સૌથી વધુ વધારો થઇ રહ્યો છે.

આમાં વાર્ષિક ગ્રોથ રેટ ક્રમશ ૪૭ ટકા અને ૨૬ ટકાની આસપાસ છે. જ્યારે ટેલિવીઝન સેક્ટરમાં ગ્રોથ વર્ષ ૨૦૧૮ સુધી ૮૪૬ અબજ રૂપિયા સુધી પહોંચી શકે છે. રેડિયો સેક્ટરમાં ગ્રોથ ૧૭ ટકાની આસપાસ રહે તેમ માનવામાં આવે છે. ફિલ્મ ઉદ્યોગે ૧૨૬ અબજ રૂપિયાનુ યોદગાન આપ્યું છે. તેમાં ગ્રોથ રેટ ૧૩ ટકાનો રહ્યો છે. સ્થાનિક અને વિદેશી બજારોમાં હાલ રકમમાં વધારો થઇ રહ્યો છે. સાથે સાથે કેબલ અને સેટેલાઇટ અધિકારો મારફ્તે જંગી કમાણી થઇ રહી છે. મ્યુઝિક સેક્ટરમાં ગ્રોથ રેટ પ્રમાણમાં ઓછો રહ્યો છે. તેમાં ગ્રોથ રએટ ૧૩ ટકા રહ્યો છે. વર્ષ ૨૦૧૮ સુધી ગ્રોથ આંકડો ૨૨ અબજ રૂપિયા સુધી પહોંચી શકે છે. જે વર્ષ ૨૦૧૩માં ૧૨ અબજ રૂપિયા હતો. પ્રિન્ટની હિસ્સેદારી સતત ઘટી રહી છે. ટીવી સેક્ટરની બોલબાલા વધી રહી છે. આવનાર દિવસોમાં પણ આ સ્થિતિ રહે તેવી શક્યતા છે.

અમેરિકામાં નવી શોધ કરાઇ

સાદા બ્લડ ટેસ્ટ મારફ્તે ડિપ્રેશન સંદર્ભે જાણ થશે

નવી નવી શોધમાં વ્યસ્ત રહેલા વૈજ્ઞાનિકો હવે એક બિલકુલ સાદા બ્લડ ટેસ્ટથી ટીનેજરોમાં ડિપ્રેસરને શોધી કાઢવા માટેની નવી વ્યવસ્થાની બિલકુલ નજીક પહોંચી ગયા છે. સંશોધકોએ દાવો કર્યો છે કે હવે ટૂંકાગાળામાં જ સાદા બ્લડ ટેસ્ટથી જ ટીનેજરોમાં ડિપ્રેશરના લક્ષણોને જાણી શકાશે. સંશોધકોએ પ્રયોગશાળામાં ઉંદરો ઉફર કરવામાં આવેલા અભ્યાસ બાદ મોટા ડિપ્રેશરના લક્ષણો અને જેવીક પરિબળોને શોધી કાઢ્યા છે. હજુ સુધી ૨૬ જેવીક પરિબળો ઓળખી કાઢવામાં આવ્યા છે. મોટા ડિપ્રેશર સાથે ગ્રસ્ત ટીનેજરોના લોહીમાં રહેલા લક્ષણો અને ૧ પથી ૧૯ વર્ષની વયના હેલ્થી ટીનેજરોના લક્ષણોના આધાર ઉપર તારણો જારી કરવામાં આવ્યા છે. ડિપ્રેશરથી ગ્રસ્ત ટીનેજરોની સ્થિતિ કેવી હોય છે તે પણ જાણવામાં આવી છે. શારીરિક વિકાર અને ડિપ્રેશર વારંવાર ઘણા ખતરનાક સંજોગો તરફ દોરી જાય છે. ડિપ્રેશનથી ગ્રસ્ત લોકોને વહેલી તકે સારવાર ખૂબ જ જરૂરી બની ગઈ છે. જો કે ટીનેજરોમાં ડિપ્રેશનને જાણવા સાદા બ્લડ ટેસ્ટની પ્રક્રિયા ક્યારેય શક્ય બની જશે તે અંગે હજુ કોઈ વાત કરવામાં આવી નથી પરંતુ અભ્યાસની પ્રક્રિયા હજુ ચાલી રહી છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદની વધી શકે છે મુશ્કેલીઓ

નવી દિલ્હી, તા.૧૭

વિકલાંગોના નામ ઉપર ફંડ પ્રાપ્ત કરી તેનો દુરઉપયોગ કરનારી એનજીઓના કામકાજમાં કેન્દ્રીય તપાસ સમિતિ (સીબીઆઈ) પાસેથી તપાસ કરાવાનું સરકાર વિચારી રહી છે. આ જાણકારી કેન્દ્રીય સામાજિક ન્યાયમંત્રી થાવરચંદ ગેહલોતે આપી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદ આ એનજીઓ સાથે જોડાયેલા છે. ગત વર્ષે ઓકટોબરમાં એક ટીવી ચેનલના સ્ટિંગ ઓપરેશનમાં બતાવવામાં આવ્યું હતું કે પૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદ અને તેમના પત્ની ઉપર પ્રદેશના એક વરિષ્ટ અધિકારીઓના નકલી હસ્તાક્ષરો અને સ્ટેમ્પના આધારે વિકલાંગોના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર પાસેથી નાણાં કઢાવતા હતા. એનજીઓમાં થયેલી કહેવાતી અનિયમિતતાઓને લઈને સરકાર સીબીઆઈ તપાસ કરાવવાનું વિચારી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ મુદ્દે સીબીઆઈની તપાસ થશે તો સલમાન ખુર્શીદની મુશ્કેલીઓમાં વધારો થશે.

શારદા કૌભાંડમાં ચકાસણી હેઠળ આવેલા આસામના પૂર્વ ડીજીપી મૃત હાલતમાં મળ્યા

ગૌવહાટી, તા.૧૭

શારદા ચીટફંડ કૌભાંડ સંદર્ભે પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં ૨૦ સ્થળોએ રેડ પાડવામાં આવી હતી. જેમાંથી એક સ્થળ શંકર બરુઆનું ઘર પણ હતું. થોડા સમય પહેલા જ સીબીઆઈ પશ્ચિમ બંગાળના સૌથી મોટી કૌભાંડ શારદા ચીટફંડ મામલે તેમની તપાસ કરી ચૂકી છે. આ સાથે રાજયના બે પૂર્વ પ્રધાનોના ઘરે પણ તપાસ કરાઈ હતી. આ કેસમાં બરુઆની ચાર દિવસ પહેલા જ સીબીઆઈ દ્વારા શારદા ચીટફંડ કૌભાંડ સંદર્ભે પૂછપરછ કરાઈ હતી. જેમાં સીબીઆઈ અધિકારીઓ ડીજીપીને તેમના ઘર નજીક આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બ્રાન્ચમાં લઈ ગયા હતા અને ત્યાં તેમના ખાતાની તપાસ કરી હતી.

આસામના પૂર્વ ડીજીપી શંકર બરુઆ તેમના ગૌવહાટી સ્થિત ઘરે મૃત હાલતમાં મળી આવ્યા છે. તેમણે પોતાની રિવોલ્વર દ્વારા ગોળી મારીને આપઘાત કર્યો હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે. ઉલ્લેખનીય છે કે પોલીસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે શંકર બરુઆએ આપઘાત કર્યો તે સમયે ઘરમાં

તેમના ૭૦ વર્ષિય માતા હાજર હતા.

કરોડો રૂપિયાના શારદા કૌભાંડમાં સીબીઆઈએ અત્યાર સુધીમાં ૪૮ કેસ દાખલ કર્યા છે. જેમાંથી ૪ પશ્ચિમ બંગાળમાં જ્યારે ૪૪ ઓડિસામાં કરાયા છે. મહિનાની શરૂઆતમાં આ જ કેસમાં પશ્ચિમ બંગાળના ડીજીપી રંજન મજમુદારની પોલીસે ધરપકડ કરી હતી. ૪૦ ટકા રિટર્ન આપવાની લાલચ આપતા શારદા ચીટ કૌભાંડ કેસમાં હજારો ગરીબ લોકોને લૂંટવામાં આવ્યા. ત્રણ રોકાણકારો દ્વારા આપઘાત કર્યા બાદ થયેલા હોબાળા બાદ સીબીઆઈને તેની તપાસ સોંપાઈ છે.

સમાચાર ઝલક

- રાષ્ટ્રીયકૃત બેંકમાં મહિલાઓના ખાતા હશે તેમને જનધન યોજનામાં જોડી દેવાશે.
- પશ્ચિમ બંગાળની યુનિ.માં વિદ્યાર્થીઓ દ્વારા દેખાવો, તોડફોડ તથા હંગામો.
- સિદ્ધપુર હાઈવે પરથી ૫૦ લાખનો દારૂ ઝડપાયો.
- ઘોઘા તાલુકા પંચાયતના ઈજનેર લાંચના છટકામાં ઝડપાયા.
- રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ વિયેટનામ સાથે કરેલ સમજુતિથી ચીન નારાજ.
- લડાખ સરહદે ચીનના સૈનિકોની ઘુસણખોરીથી તંગ વાતાવરણ.
- ગોઝારિયાના યુવાન સાથે અમેરિકાના વીઝા અપાવવાના બહાને ૭ લાખની છેતરપિંડી.
- અમદાવાદ સાબરમતી આશ્રમમાંથી પણ તિબેટીયન ઝડપાયો.
- ચીનના પ્રમુખના આગમનના વિરોધમાં તિબેટવાસીઓએ દિલ્હીમાં દેખાવો યોજ્યા.
- ૧૧ ટ્રેઈની જજોને છુટા કરવા તપાસ સમિતિનો અહેવાલ અલ્હાબાદ હાઈકોર્ટને સુપ્રત.
- સુરતમાં બિહારી મહિલાઓ પાસેથી બનાવટી ચલણી નોટો ઝડપાઈ.
- ઉજ્જૈનમાં અકસ્માતમાં ૪ નાં મોત.
- દિલ્હીમાં ચાલુ કારે દુષ્કર્મ આચરી યુવતીને ફેંકી દેવાઈ.
- ઈડરના ખેતરોમાંથી ચંદનના પાકની ચોરી થઈ.
- ફિલ્મ નિર્માતા કમલ હસનની નાદુરસ્ત તબિયતથી હોસ્પિટલમાં સારવાર હેઠળ.

હવે ઈવીએમ મશીનોમાં ઉમેદવારના ફોટા મુકાશે

રાજકોટની પેટાચૂંટણીમાં પ્રયોગ હાથ ધરાશે : ફોટા મુકવાની તૈયારી ચૂંટણી પંચે હાથ ધરી

અમદાવાદ, તા.૧૭

આધુનિક યુગમાં ચૂંટણી પ્રક્રિયા હાઈટેક બની છે તેમાં હજુ એક નવી વસ્તુ દાખલ કરવામાં આવી છે. ચૂંટણી ટાણે ઈવીએમ મશીનમાં એક સરખા નામોને કારણે મતદાતા દ્વિધામાં પડી જતાં હોવાથી હવે વોટીંગ મશીનમાં ઉમેદવાર નામની સાથે તેનો ફોટો મુકવાની તૈયારી ચૂંટણીપંચ દ્વારા કરી દેવામાં આવી છે. ચૂંટણીપંચે આગામી ઓક્ટોબરમાં યોજાનાર રાજકોટની એક માત્ર પેટાચૂંટણીની બેઠકમાં ઈવીએમમાં ફોટો પ્રાયોગિક ધોરણે મુકવામાં આવશે. હાલના સમયમાં ચૂંટણીઓ ઈવીએમ મશીન દ્વારા યોજાય છે. પરંતુ ચૂંટણી ટાણે ઈવીએમ મશીનમાં ઉમેદવારનું ફક્ત નામ અને પક્ષનું ચિહ્ન દર્શાવેલું હોય છે જેના કારણે છેલ્લા ઘણા સમયથી ચૂંટણી ટાણે મતદાતાઓ એક સરખા નામ કે તેના જેવા ભળતા નામથી દુવિધામાં પડી જાય છે. તેથી ચૂંટણીપંચે આ સમસ્યાને દૂર કરવા પ્રયત્ન હાથ ધર્યો છે. હવે યોજાનાર ચૂંટણીઓમાં દરમ્યાન ઈવીએમ મશીનમાં ચૂંટણીમાં ઉભા રહેનાર ઉમેદવારનું નામ, પક્ષનું ચિહ્ન અને ફોટો હશે. જેનાથી મતદાતાઓને વોટીંગ કરવામાં સરળતા રહેશે. ચૂંટણીપંચે ચૂંટણી દરમ્યાન નિરીક્ષણ કર્યું હતું કે ઘણા ઉમેદવારો ભળતા નામના કારણે ઈલેક્શન હારી જાય છે. જેમ છત્તીસગઢના ઉમેદવાર અજિત જોગીના નામના ૧૦ ઉમેદવાર હતા અને તેઓ ભાજપના ચંદુલાલ શાહ સામે સામાન્ય લીડથી હાર્યા હતા. આપ પાર્ટીની શાઝીયા ઈલ્મી ૪૦૦ મતથી હારી હતી કારણ કે તેના જેવા ભળતા નામવાળા ઉમેદવારો તેના ઘણા બધા મત લઈ ગયા હતા.

મોદીની વિદેશ નીતિ પર વિશ્વભરના દેશની નજર

અમદાવાદ,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તામાં ૧૦૦ દિવસ પરિપૂર્ણ કરી ચુક્યા છે. તેમની સરકાર ખુબ જ સફળતાપૂર્વક આગળ વધી રહી છે. તેમના શાસનના ૧૦૦ દિવસની વિશ્વના દેશોએ નોંધ લીધી છે. મોદીએ તેમની સરકારની કામગીરીને વધુ અસરકારક બનાવી છે. ચીન સહિતના વિશ્વના દેશો પણ સમજી ગયા છે કે, નવી સરકાર સ્પષ્ટ બહુમતી સાથે આવી છે અને આ સરકાર પોલિસી મારફ્તે પણ ઝડપથી આગળ વધશે. હાલમાં જ પડોશી દેશોની મુલાકાતે પણ મોદી જઈને આવ્યા છે જેમાં નેપાળનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત બ્રિક્સ દેશોના નેતાઓને પણ મળી ચુક્યા છે. દક્ષિણ એશિયાની બહાર પ્રથમ મોટી યાત્રાના ભાગરુપે મોદી જાપાન પણ પહોંચ્યા હતા. હવે તેઓ આ મહિનાના અંતમાં અમેરિકાની યાત્રા કરનાર છે જ્યાં નરેન્દ્ર મોદી અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે શિખર વાતચીત કરનાર છે. ભારતની વિદેશ નીતિ બિલકુલ સ્પષ્ટ રાખવા માંગે છે. ભારતનું કહેવું છે કે, ચીન સાથેની ૩૫૦૦ કિલોમીટર લાંબી સરહદ ઉપર તે મક્કમ છે. વિશ્વના દેશોની નજર મોદીની ભાવિ યોજના ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. નરેન્દ્ર મોદી દરેક પડોશી દેશો સાથે ખુબ સારા સંબંધો સ્થાપિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. વિશ્વના દેશો ગુજરાત સહિત ભારતમાં મૂડીરોકાણ કરવા વધારે ઉત્સુક બન્યા છે. કારણ કે, ભારત મૂડીરોકાણકારો માટે આદર્શ સ્થળ બનીને ઉભર્યું છે.

ડોલરની સામે રૂપિયો ૬૦.૯૩ની સપાટીએ

નવીદિલ્હી,તા. ૧૭

અમેરિકી ડોલર સામે રૂપિયો આજે ૬૦.૯૨ની સપાટીએ રહ્યો હતો. સતત બીજા દિવસે રૂપિયામાં તેજી રહી હતી. રૂપિયામાં ૧૪ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. આજે કારોબારના અંતે રૂપિયો ૬૦.૯૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે મંગળવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૧.૦૫ની સપાટીએ રહ્યો હતો. સતત બીજા દિવસે રૂપિયામાં સુધારો રહેતા કારોબારીઓ ઉત્સુક દેખાયા હતા. ચીનની સેન્ટ્રલ બેંક દ્વારા નવા પગલા લેવામાં આવી રહ્યા છે તેવા અહેવાલ વચ્ચે રૂપિયામાં સુધાર રહ્યો હતો. આ મહિનામાં રૂપિયામાં ૦.૬૯ ટકાનો ઘટાડો થયો છે. ઈન્ડોનેશિયા, કોરિયન અને મલેશિયન ચલણમાં પણ ૦.૮૮ ટકાથી બે ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે.